વરઘોડામાં નાચી રહેલા બાળકને ટ્રકે ચગદી નાંખતા સન્નાટો

બ્લડ ડોનેશન કેમ્પ - કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિ., સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે તા.૩૧-૦૫-૨૦૧૩, શુક્રવારના રોજ થાલેસેમીયાથી પીડાતા બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવેલ, જેમાં અમદાવાદ સિવીલ હોસ્પીટલ અને જે.સી.આઈ. ગાંધીનગરના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પની શરૂઆત કલ્પતરૂના ઉચ્ચઅધિકારી શ્રી વી.ડી. રાદડીયા, શ્રી એમ. એ. બારૈયા અને શ્રી કે. એમ. છાઝડના હસ્તે દિપ પ્રગટાવીને કરવામાં આવી હતી. બ્લડ ડોનેશન કેમ્પમાં કલ્પતરૂનો સ્ટાફ તથા વર્કર અને આજુ બાજુની બીજી કંપનીના ડોનરોએ પણ બ્લડ ડોનેટ કરેલ હતું. આ ીગ્રામને સફળ બનાવવામાં શ્રી વી.ડી. રાદડીયા, શ્રી જી. એન. વેકરીયા તથા તેમની ટીમનો મહત્વનો સહયોગ રહેલ હતો. આ કાર્યક્રમમાં અમદાવાદની સિવીલ હોસ્પીટલના નિષ્ણાંત ડૉક્ટરોએ સેવા આપી હતી. કાર્યક્રમ દરમ્યાન જે.સી.આઈ. ગાંધીનગરના સાત્વિક ત્રિવેદી, કે. ડી. ભાવસાર, સંજય નાયી, આશિષ ડુંગરાની તથા વિરલ શાહે હાજરી આપી અને બ્લડ ડોનેટ કરીને સહયોગ આપ્યો હતો.

કુડાસણ ગામની ભાગોળમાં બનેલી ઘટના મોતને ભેટેલું ઈન્દ્રોડા ગામનું માસુમ બાળક માત્ર અઢી વર્ષનું હતું : વરઘોડામાં માતમ છવાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ગામની ભાગોળ વચ્ચે લગ્નનો વરઘોડો પહોંચ્યો હતો ત્યારે વરઘોડાની નાચ મસ્તીમાં વરઘોડીયા મશગુલ હતા તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલા એક ટ્રક ચાલકે નાચી રહેલા અઢી વર્ષના બાળકને અડફેટે લઈ ચગદી મારતાં સન્નાટો મચી જવા પામ્યો હતો. લગ્નપ્રસંગે વરઘોડામાં આ ઘટનાને પગલે માતમ છવાઈ ગયો હતો. સે-૭ પોલીસને આ બનાવની જાણ થતાં ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી બાળકનો મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવીને તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર પાસે સ્થિત ઈન્દ્રોડા ગામમાં રહેતા રાજેન્દ્રસિંહ જુવાજી ઠાકોર આજે બપોરના અરસામાં પોતાના સંબંધીને ત્યાં કુડાસણ ખાતે પરિવાર સાથે લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતાં. રાજેન્દ્રસિંહ તેમના અઢી વર્ષના દિકરા યુવરાજને પણ લઈ ગયા હતાં. આજે બપોરે લગ્ન પ્રસંગનો વરઘોડો કુડાસણ ગામમાંથી નીકળ્યો હતો. વરઘોડીયા નાચતા કુદતાં ગામની ભાગોળ સુધી પહોંચ્યા ત્યાં જ રૂંવાડા ઉભા કરી નાંખે તેવી હૃદય કંપાવી દેતી ઘટના બનવા પામી હતી પુરપાટ ઝડપે નીકળેલી ટ્રક નં. જીજે ૯ વી ૯૧૮૩ના ચાલકે વરઘોડામાં નાચી રહેલા અઢી વર્ષના યુવરાજને ચગદી માર્યો હતો. ઘટના સ્થળે જ તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. વરઘોડાનો મસ્તીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો. અઢી વર્ષના માસુમ બાળકને મોતને ઘાટ ઉતારીને ટ્રકમાંથી ઉતરી ભાગી રહેલા ડ્રાઈવરને લોકોએ પકડીને જબરદસ્ત ધોલાઈ કરી રોષ ઠાલવ્યો હતો. ડ્રાઈવર હાલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. સે-૭ પોલીસે ટ્રક ચાલક સલીમ મલેક (રહે. બહિયલ) વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની ધરપકડની તજવીજ શરૂ કરી છે.

લોકોએ ટ્રક ડ્રાઈવરને મારી મારીને હોસ્પિટલ ભેગો કરી રોષ ઠાલવ્યો

અઢી વર્ષના માસુમ બાળકને મોતનાં મ્હોંમાં ધકેલી દેનાર ટ્રક ડ્રાઈવર સલીમ મલેક ઘટના સ્થળે ટ્રક મુકીને ભાગવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે ટોળાએ તેને ઘેરી લીધો હતો અને મારી મારીને ડ્રાઈવરને અધમુઓ કરી નાંખી હોસ્પિટલ ભેગો કરી દીધો હતો. રોષ ઠાલવવા લોકોએ ડ્રાઈવરને ઢોર માર મારતા હાલ સિવિલ હોસ્પિટલમાં તેને દાખલ કરવો પડયો છે.

આવતીકાલે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૨

માઈ મંડળ દ્વારા ભાવનાબેન વિનોદકુમાર ગોકલાણીના મધુર કંઠે આવતીકાલે તા. ૪ થી જૂન-૨૦૧૩ને મંગળવારે બપોરે ૨ થી ૫.૩૦ કલાકે પ્લોટ નં. ૫૭૪/૨, સેક્ટર-૩-સી, ગાંધીનગર ખાતે આનંદનો ગરબો યોજાશે. નયનાબેન પ્રહલાદભાઈ જાદવના નિવાસે યોજાનાર આનંદના ગરબામાં ભાવિક ભક્તજનોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસારે ખાસ જણાવ્યું છે.

દશ ગામ લેઉવા પાટીદાર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના પોર ગામના વતની અને હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર નવનીતભાઈ પટેલના પુત્ર તનિષ્ક પટેલે સી.બી.એસ.સી. બોર્ડમાં ૯૩.૩૩ ટકા મેળવી સમાજનું ગૌરવ વધાર્યું છે. આથી સમાજના અગ્રણીઓ તેની સિદ્ધિને બિરદાવી હતી.

પેન્શનર્સ સમાજની બેઠકમાં પ્રમુખને સન્માનાશે

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૪માં ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના નવા વરાયેલા પ્રમુખનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સેકટર-૪માં નિવાસ કરતા પેન્શનર્સ મિત્રોની ખાસ બેઠક તા.૪થી જૂન ૨૦૧૩ના રોજ મંગળવારે સાંજે ૫-૦૦ કલાકે શોપીંગ સેન્ટર પાસેના બગીચામાં યોજાશે. બેન્કમાં નવા નિમાયેલા પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિનું સન્માન કરવામાં આવશે. તેમજ પેન્શનર્સને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે.પેન્શનર્સના સભ્યોને હાજર રહેવા મંત્રી પ્રવીણભાઈ ત્રિવેદીએ ખાસ જણાવ્યું છે.

મત્સ્ય ગણતરીદારની પરીક્ષામાં ગણતરીના પ્રશ્નો જૂજ પૂછાયા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત ગુજરાત મત્સ્ય ઉદ્યોગ બોર્ડમાં મત્સ્ય ગણતરીદારની વર્ગ-૩ની ભરતી કરવાના અનુસંધાને લેખિત પરીક્ષા આજે અમદાવાદ શહેરમાં યોજાઈ હતી. ગરમીની મોસમમાં વિદ્યાર્થીઓએ ૧૦૦ ગુણના ઓબ્જેક્ટીવ પ્રશ્નો ટીક કરી જાણે દરિયામાંથી માછલી શોધવાનો પ્રયત્ન કર્યો હતો.

મત્સ્ય ગણતરીદાર વર્ગ-૩ની પરીક્ષામાં ૮૦૦૦ જેટલા ઉમેદવારોએ અમદાવાદ કેન્દ્રમાં પરીક્ષા આપી હતી. સવારે ૧૧ થી ૧૨ના ગાળામાં ૧ કલાકની ઓબ્જેક્ટીવ પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નો પૂછાયા હતા. જુદા જુદા ૧૦ વિષયોને આ પ્રશ્ન પત્રમાં આવરી લેવામાં આવ્યા હતા. કરન્ટ અફેર્સ, ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ, ગણિત, અંગ્રેજી, રાજકીય, ફિલ્મજગત, ખેલ જગત, પંચાયતી રાજ, વિજ્ઞાન દર્શન, ઈતિહાસ, ભૂગોળ અને રીઝનીંગ એવોર્ડ જેવા વિષયોના સરેરાશ પાંચ-સાત પ્રશ્નો પૂછાયા હતા. ખાસ તો ઉમેદવારોએ ગણિત અને એકાઉન્ટ જેવા વિષયની તૈયારી કરી હતી પણ પ્રશ્નો આ વિષયને લગતા ઓછા પૂછાયા હતા.

પરીક્ષા આપવા આવેલા ઉમેદવારોએ એક નોંધનીય બાબત એ બતાવી હતી કે પરીક્ષા સેન્ટરમાં ચલણ રસિદ જમા કરાવવા બાબતે વિદ્યાર્થીઓને ઓછી તકલીફ પડી હતી. ખાસ તો કેટલાક ઉમેદવારો પોતાની ચલણ રસિદ ભૂલી ગયા હતા અને કેટલાકની ચલણ રસિદ બદલાઈ ગઈ હતી. સ્થાનિક પ્રતિનિધિએ, અધિકારીએ, ૨૪ કલાકમાંચલણરસિદ જે તે સેન્ટરમાં જમા કરાવવા જણાવી આવા ઉમેદવારોનેટેન્શન મુક્ત કર્યાહતા.

વાવોલ-ઉવારસદ માર્ગ પર સામ-સામે બે મોટરસાઈકલ અથડાતા એકનું મોત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક વાવોલ ઉવારસદ માર્ગ પર ગરનાળા પાસે આજે બપોરના સમયે બે મોટર સાઈકલ સામ-સામે અથડાતા વાવોલ ગામના મોટર સાયકલ ચાલકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે બાઈક સવારોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેની તપાસ અડાલજ પોલીસ ચલાવી રહી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીકના વાવોલ ગામનો ૩૯ વર્ષીય રાયમલભાઈ જક્ષીભાઈ રબારી પોતાની મોટર સાયકલ લઈ બપોરના સમયે વાવોલથી ઉવારસદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ઉવારસદથી વાવોલ તરફ પૂરપાટ ઝડપે કમલેશ મોહનભાઈ પ્રજાપતિ ઉ.વ. ૨૦ અને તેનો અન્ય એક મિત્ર મોટર સાઈકલ પર વાવોલ આવી રહ્યા હતા. ત્યારે ગરનાળા નજીક બન્નેની મોટર સાયકલ ધડાકાભેર સામ-સામે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં રાયમલભાઈ રબારીનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય મોટરસાયકલ ચાલક કમલેશ મોહનભાઈ પ્રજાપતિને શરીરે ઈજાઓ થવા પામી હતી. જ્યારે તેના મિત્રને ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જે યુવક હાલ જીવન-મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે. આ મામલે અડાલજ પોલીસે સૂત્રો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેન્શનર્સના સન્માન યોગ્ય વિદ્યાર્થીઓએ ૧૫મી જૂન સુધી માર્કશીટ મોકલવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના સભ્યોના સંતાનો, પૌત્ર, પૌત્રીઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ આગામી સમયમાં કરવાનો હોવાથી સમાજના સભ્યોને ૧૫મી જૂન સુધી માર્કશીટની નકલ પહોંચતી કરવા કાર્યકારી પ્રમુખ જયંતભાઈ ભટ્ટે ખાસ જણાવ્યું છે.

પેન્સનર્સ સમાજના સભ્યોના સંતાનો-પૌત્રાદી કે જેઓ ધોરણ ૧ થી ૯માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણો સાથે પાસ થયા છે તેમનો સન્માન કાર્યક્રમ યોજાશે. અગાઉ ૩૧મી મે-૨૦૧૩ સુધી માર્કશીટ જમા કરાવવા જાહેરાત કરવામાં આવી હતી.

વેકેશન હોવાથી ઘણા વાલીઓ વિદ્યાર્થીઓ સાથે પ્રવાસે ગયા હોવાથી નિયત સમયમાં માર્કસીટ મળી શકી ન હતી. સમાજે આ પરિસ્થિતિને નિવારવા ૧૫મી જૂન સુધીમાં વાલીને માર્કશીટની ઝેરોક્ષ નકલ, તેમના સરનામા સાથે, સભ્યક્રમાંક સાથે, ટેલિફોન નંબરને વિદ્યાર્થી સાથે તેમના સંબંધની માહિતી દર્શાવી સેક્ટરના પ્રતિનિધિને અથવા મહામંત્રી કે.ઓ. વ્યાસ, પ્લોટ નં. ૧૨૯૫/૧, સેક્ટર-૭-ડી, અથવા પ્રમુખ જયંતભાઈ ભટ્ટને રૂબરૂ માર્કશીટ પહોંચાડવા જણાવાયું છે.

કુડાસણ પાસે એસ.ટી. બસની ટકકરે સ્કુટી ચાલક ઘાયલ

અકસ્માતમાં સ્કુટીનો ફુરચો થઈ ગયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર-કોબા હાઈવે પર પુરપાટ ઝડપે આવતી બસે કુડાસણ ચોકડી પાસે સ્કુટી ચાલકને અડફેટમાં લીધો હતો. આ અકસ્માતમાં સુક્ટીચાલકને ગંભીર ઈજા થવા પામી હતી. ઘવાયેલા ચાંદખેડાના યુવાનને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ બનાવ અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ચાંદખેડામાં રહેતા ચિરાગભાઈ પી. મકવાણા (ઉ.વ.૩૧) સ્કુટી પર ગાંધીનગર તરફ આવી રહ્યા હતા ત્યારે કુડાસણ ચોકડી પાસે પુરપાટ ઝડપે આવતી બસે સ્કુટીને પાછળથી ટકકર મારી હતી. આ અકસ્માતમાં ચાલક ગંભીર રીતે ઘવાયેલ છે. સ્કુટી બસની નીચે બે ટાયર વચ્ચે આવતા તેનો ફુરચો બોલી ગયો હતો. આ બનાવમાં ગંભીર રીતે ઘાયલ યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રોજેકટ પ્રમુખ નિમાયા

ગાંધીનગર, તા. ૨

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રોજેક્ટ પ્રમુખ તરીકે તાજેતરમાં શર્મિષ્ઠાબેન દવેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય શાખાના પ્રમુખ દિવ્યાબેન રાવલના માર્ગદર્શન હેઠળ તેમજ ગાંધીનગર શાખાના ચેરમેન ડૉ. અરૂણભાઈ વ્યાસાની ઉપસ્થિતિમાં તાજેતરમાં શાખાના ત્રણેય પ્રોજેક્ટના પ્રમુખ તરીકે શર્મિષ્ઠાબેન દવેની તથા શાખાના સેક્રેટરી લીનાબેન મહેતાની વરણી કરવામાં આવી હતી.

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકના મેરિટ લિસ્ટની કાગડોળે રાહ જોતા ઉમેદવારો

૪૯૮ શિક્ષણ સહાયકની ભરતીના ઓનલાઈન ફોર્મ ૮મી એપ્રિલથી ૨૯મી એપ્રિલ સુધી ભરાયા હતા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ અને સંયુકત શિક્ષણ નિયામક ગુજરાત રાજ્ય દ્વારા ૮મી એપ્રિલે સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયક તરીકે જોડાવા માટેની ભરતી પ્રક્રિયાના ફોર્મ ભરાયા. જે તે દોઢ બે માસ થવા આવ્યા છતાં મેરિટ લીસ્ટ બહાર ન પડતા ગુજરાત રાજ્યના હજારો ઉમેદવારો તેની રાહ જોઈને કાગા ડોળે બેઠા છે.

ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૪૯૮ શિક્ષણ સહાયકની ભરતીના ઓનલાઈન ફોર્મ ૮મી એપ્રિલથી ૨૯મી એપ્રિલ સુધી ભરાયા હતા. શાળાના ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અર્થસાસ્ત્ર, ગણિત, રસાયણ શાસ્ત્ર, નામુ-વાણિજ્ય, ભૂગોળ, મનો વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, સંસ્કૃત આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શારીરિક શિક્ષણ અને તર્કશાસ્ત્ર જેવા ૧૬ જેટલા વિષયોમાં કુલ ૪૯૮ની શિક્ષણ સહાયક તરીકેની ભરતી માટેના હજારો ફોર્મ ભરાયા છે. ફોર્મ ભરાયાને મહિના ઉપર થયું છતાં હજુ સુધી તેનું મેરિટ લિસ્ટ બહાર પડ્યું નથી. ગુજરાતના બેકાર શિક્ષિત ટાટ અને બી.એડ. પાસ કરેલા ઉમેદવારો આ શિક્ષણ સહાયકમાં જોડાવા તલપાપડ થઈ રહ્યા છે. સરકાર દ્વારા ભરતી પડતા લોકોમાં આશાનું કિરણ ભરાઈ આવ્યું હતું. પરંતુ મેરિટ લિસ્ટ બહાર ન પડતાં હજારો ઉમેદવારો નિરાશ થઈ રહ્યા છે. ક્યાંય એવી પણ દહેશત કરી રહ્યા છે કે 'સ્ટે'તો નહીં આવે ને ! રોજગાર મેળવવા માટે તલપાપડ થઈ રહેલા લાખો યુવાનો ભરતી પ્રક્રિયાની રાહ જુએ છે અને નાની-મોટી ગફલત જણાતા 'સ્ટે' લાવી મૂકીને અન્ય ઉમેદવારોના પેટ પર જાણે લાત મારે છે...!!! સરકાર આ બાબતે યોગ્ય પગલા લેવા અને ભરતી પ્રક્રિયા આરંભે તેવું શિક્ષિત લાયક બેકાર યુવાનો જણાવી રહ્યું છે.

બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા

સમર કેમ્પ - ૨૦૧૩ સંપન્ન

૧૫૦ જેટલાં શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયાં

ગાંધીનગર, તા. ૨

બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા સતત ૫૪ દિવસ ચાલેલા સમર કૅમ્પ-૨૦૧૩ના પૂર્ણાહુતિ સમારોહ પ્રસંગે તાલીમાર્થીઓને ઍકેડેમીના સ્થાપક અને નગરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા આ શીખ આપતાં જણાવાયું હતું કે કલા વગરનો માણસ એ પીંછા વગરના મોર જેવો હોય છે, તેથી દરેક વ્યક્તિએ એક કલા તો અપનાવવી જ જોઈએ.

પ્રસંગમાં અતિથિ તરીકે ઉપસ્થિત નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથારે તાલીમાર્થીઓને સફળ તાલીમ બદલ અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે કલાથી માનવીના જીવનમાં શિસ્ત, સંસ્કાર અને પદ્ધતિનું ઘડતર થાય છે. કલાની તાલીમ એ જીવનની તાલીમ છે અને આમ કલા એ માણસને જીવન જીવતાં શીખવે છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટના પ્રમુખ જીલુભા ઘાંઘલ દ્વારા તાલીમાર્થીઓને કલાના માધ્યમથી માણસ સમાજમાં પ્રતિષ્ઠિત અને મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકે છે એ ઉદાહરણ સહિત સમજાવવામાં આવ્યું હતું. તેમણે તાલીમાર્થીઓને કલાની પદ્ધતિસર અને નિયમિત તાલીમ લેતા રહેવાની સલાહ આપી હતી.

મહિલા સિવણ કલાસ, સેક્ટર-૨૨ના સંચાલક સુમનબેન જાધવે તાલીમાર્થીઓને અભિનંદન આપતાં તેમને વૅકેશનના સમય બાદ પણ કલાની સાધના કરવાની શીખ આપી હતી. ઉલ્લેખનીય છે કે બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી દ્વારા કશ્યપ નિમાવતના સંચાલનમાં આ સમર કૅમ્પની શરૂઆત ગત તા. ૭ એપ્રિલથી કરવામાં આવી હતી, જે અંતર્ગત ૧૫૦ જેટલા તાલીમાર્થીઓએ ગિટાર તથા કી-બૉર્ડની તાલીમ ઋષિકેશ મહેતા પાસેથી, વેસ્ટર્ન ડાન્સની તાલીમ અભિરાજસિંહ ઝાલા પાસેથી, કરાટેની તાલીમ પ્રજ્ઞેશ મેસરિયા અને નિશાંત ભાવસાર પાસેથી તથા ડ્રોઈંગની તાલીમ સ્મિતા નિમાવત પાસેથી મેળવી હતી. સૌ તાલીમાર્થીઓને આજના પૂર્ણાહુતિ સમારોહ અંતર્ગત પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમની શરૂઆત શિબિરાર્થી સ્તુતિ શાહ અને પ્રાચી ગુર્જર દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી, એ પછી સંચાલક કશ્યપ નિમાવતે સ્વાગત પ્રવચન કર્યું હતું અને અતિથિઓનું સ્વાગત સુતરની આંટીથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિબિરાર્થી ક્ષમા શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬

સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૪૦.૩ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

યે જવાની હૈ દિવાની : ૯.૦૦, ૧૨.૦૫, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦

: સ્ક્રીન-૨ :

યે જવાની હૈ દિવાની : ૧૧.૩૫, ૨.૫૦, ૬.૦૫, ૯.૨૦

: સ્ક્રીન-૩ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૮.૨૦

યે જવાની હૈ દિવાની : ૧૦.૫૦, ૨.૦૫, ૫.૨૦, ૮.૩૫

: સ્ક્રીન-૪ :

યે જવાની હૈ દિવાની : ૯.૨૦, ૧૨.૩૫, ૭.૨૦

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૩.૫૦, ૧૦.૨૦

સૂર્યા, વાવોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ૫ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જવાની દિવાની : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

જવાની દિવાની : ૧.૦૦

: સ્ક્રીન-૩ :

આશિકી-૨ : ૧૦.૧૫

જિંદગી ૫૦-૫૦ : ૧.૦૦

જવાની દિવાની : ૧.૦૦

જવાની દીવાની : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ચિરાગ, કલોલ

યે જવાની હૈ દિવાની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. લીલાબેન રસિકજી ઠાકોર (ઉ.વ. ૪૫) મુ.પો. રૂપાલ , તા. જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન શામળભાઈ પટેલ (ઉ.વ. ૮૫) મુ.પો. આલમપુર, તા. જિ. ગાંધીનગર.
- સ્વ. ભીખીબેન ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૧૦૦/૨, સેક્ટર-૩એ, ગાંધીનગર.